

રાષ્ટ્રવ્યાપી બંધ - ગાંધીનગર શહેરમાં બેંકીંગ સેવા, પોસ્ટલ સેવા અને એલ.આઈ.સી.ના કર્મચારીઓએ રાષ્ટ્રવ્યાપી બંધના એલાનના પગલે હડતાલ પાડી હતી... કેન્દ્રીય કર્મચારીઓના સંગઠનો દ્વારા સૂત્રોચ્ચારના કાર્યક્રમો પણ યોજાયા હતા... બેંકીંગ અને પોસ્ટ સેવામાં બંધના પગલે નાગરિકો ભારે હાલાકીમાં મુકાયા હતા અને કરોડો રૂપિયાનો આર્થિક વ્યવહાર ખોરવાયો હતો...

# શહેરમાં પુનઃ તીવ્ર ઠંડીનું મોજુ

## પારો ૭.૮ ડિ.સે. : બે દિવસ ઠંડીમાં રાહત રહ્યા બાદ પુનઃ ઠંડીનો કહેર : જનજીવન પર ઘેરી અસર

ગાંધીનગર, તા. ૮

હિમાલયના પર્વતીય વિસ્તારોમાં થયેલી ભારે હીમવર્ષાને પગલે ગાંધીનગરમાં પુનઃ આકરી ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. લઘુત્તમ તાપમાન ૭.૮ ડિ.સે. પહોંચી ગયુ છે. મહત્તમ તાપમાનમાં સારો એવો ઘટાડો થતાં નગરજનોને દિવસ-રાત ગરમ વસ્ત્રો પહેરી રાખવા પડે છે.

ડિસેમ્બર માસ દરમ્યાન આકરી ઠંડીનો સામનો કર્યા બાદ જાન્યુઆરી માસમાં પણ હાડ થીજવતી ઠંડીનો દોર જારી રહ્યો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાનમાં થોડોક વધારો નોંધાયો હતો જેના કારણે ઠંડીથી રાહત મળતી જોવા મળી હતી. મહત્તમ તાપમાન તો ૩૦ ડિગ્રીની નજીક પહોંચી જતાં ગરમીનો અનુભવ થયો હતો. બે-ત્રણ દિવસ ઠંડીમાં રાહત રહ્યા બાદ પુનઃ ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી ભારે બરફવર્ષા થઈ રહી છે. જમ્મુ-કાશ્મીરના ઘણા ભાગોમાં ભારે હીમવર્ષા થઈ છે. હીમાચલ પ્રદેશના પર્વતીય વિસ્તારોમાં પણ હીમવર્ષા થઈ છે. ભારે હીમવર્ષાની સીધી અસર ગુજરાત પર જોવા મળી રહી છે. હીમ જેવા પવનો ફુંકાવવાના શરૂ થતાં વસાહતીઓ હેરાનપરેશાન થઈ ગયા છે. સમગ્ર શહેર જાણે આકરી ઠંડીના સકંજામાં જકડાઈ ગયુ છે. ભારે ઠંડીની અસર જનજીવન પર જોવા મળી રહી છે. ઠંડા પવનોએ મહત્તમ તાપમાનને સડસડાટ નીચે લાવી દીધુ છે. એક તબક્કે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સુધી પહોંચ્યુ હતુ જે એક-બે દિવસમાં જ ચાર-પાંચ ડિગ્રી જેટલુ ઘટી ગયુ છે. મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી સુધી ગગડતા દિવસે પણ આકરી ઠંડી અનુભવાઈ રહી છે. આકરી ઠંડીના કારણે વસાહતીઓને દિવસ-રાત ગરમ વસ્ત્રો પહેરી રાખવા પડે છે.



જ્યારે લઘુત્તમ તાપમાન ૭.૮ ડિ.સે. સુધી ગગડ્યુ છે. વસાહતીઓને ઘરની અંદર જ પુરાઈ રહેવુ પડે તેવી આકરી ઠંડી પડી રહી છે. વહેલી સવારે શાળાએ જતા બાળકો ટાઢમાં ઠુંઠવાઈ જાય છે. હજુ બે-ત્રણ દિવસ આવી જ આકરી ઠંડી પડશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં કોલ્ડવેવ કન્ડિશન સર્જાવા પામી છે. લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે, ભેજના પ્રમાણમાં વધારો થવાના કારણે ઠાર વધુ તીવ્ર બન્યો છે અને ટાઢાબોળ પવન ફૂંકાતા હોવાથી ઠંડીની માત્રામાં અનેકગણો વધારો થવા પામ્યો છે.

મોડીસાંજથી રાજમાર્ગો સૂમસામ બની જાય છે અને સવારે સૂર્યનારાયણના દર્શન થયા બાદ જનજીવનમાં ધબકાર જોવા મળે છે. સવારે સૂર્યનારાયણના દર્શન થયા પછી રસ્તાઓ પર ચહલ-પહલ જોવા મળી રહી છે. લોકો સ્વેટર, મફલર સહિતના ગરમ વસ્ત્રો પહેરીને બહાર નીકળતા હોવા છતાં ઠંડીની તીવ્રતાથી બચી શકતા નથી.

# સે-૨૨માં પણ નવા સરકારી આવાસો બાંધવા વિચારણા

## સેકટરોમાં તબક્કાવાર જુના અને કંગાળ મકાનો તોડવાની સાથે હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરાશે

ગાંધીનગર તા ૮

શહેરના સેકટરોમાં જુના અને કંગાળ સરકારી આવાસો તબક્કાવાર તોડવામા આવી રહ્યા છે. જયારે જુના આવાસો તોડવાની સાથે નવા આવાસો બાંધવા માટે પણ આયેજન કરવામાં આવી રહ્યુ છે. સે-૬ ડી માં પણ નવા આવાસો તૈયાર કરવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે સે-૨૨ માં પણ નવા આવાસો તૈયાર કરવા માટે પણ વિચારણા હાથ ધરવામા આવી છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. અલબત્ત સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસૌ પૈકી મોટાભાગના મકાનો જોખમી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે જયારે છેલ્લા એક દાયકામાં ઘણાં ખરા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. હજુ પણ સેકટરોમાં સર્વે દરમિયાન અત્યંત જોખમી આવાસોને તોડવા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. શહેરમાં રહેણાંકની દ્રષ્ટીએ સરકારી આવાસો જોખમી બનતા માર્ગ મકાન વિભાગ દ્વારા અગાઉ રીનોવેશન હેઠળ પણ મકાનોને આવરી લઈ મજબુતીકરણ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે હજુ પણ સરકારી આવાસોને યોગ્ય કરવા માટે તબકકાવાર કામગીરી હાથ ધરવામા આવે છે. પરંતુ જુના અને કંગાળ મકાનો પૈકી મોટાભાગના મકાનો ભયજનક છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા તબક્કાવાર મકાનો તોડવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી મેળવી કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરમાં રહેણાંકને લાયક સરકારી આવાસો તોડવાની સાથે નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ સે-૭ અને સે-૩૦ માં નવા આવાસો તૈયાર કરાયા બાદ હવે સે-૬ ડી માં બી અને સી કક્ષાના નવા આવાસો બાંધવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ હજુ પણ નવા આવાસો તૈયાર કરવા માટે તંત્ર કક્ષાએથી અભ્યાસ હાથ ધરાયો છે. જે મુજબ સે-૨૨ માં પણ નવા આવાસો બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. નવી ટાવર કોલોનીના નિર્માણ માટે જુના તેમજ નવા સેકટરોમાં જગ્યાનો સર્વે તેમજ અભ્યાસ હાથ ધરી નવા આવાસો માટેની સાઈટ નક્કી કરાશે. પરંતુ સે-૨૨ માં જગ્યાને ધ્યાને લઈ નવી ટાવર કોલોની બનાવવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે.

# સે-૩૦ માં બી-કક્ષાના સરકારી આવાસો એપ્રિલમાં તૈયાર થઈ જશે

ગાંધીનગર તા ૮

શહેરમાં રહેણાંકને લાયક સરકારી આવાસોની સંખ્યા ઘટી છે. જયારે સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના સરકારી મકાનો જોખમી હાલતમાં હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સે-૩૦ માં પણ નવા મકાનો ટુંકમાં તૈયાર થઈ જશે. આગામી એપ્રિલ સુધીમાં નવા આવાસો તૈયાર થતા તંત્રના ચોપડે મકાનની ફાળવણીના મામલે મોટી થતી કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ હળવી થશે.

શહેરમાં જુના અને કંગાળ સરકારી આવાસો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે નવા આવાસો બાંધવા માટે પણ કામગીરી પ્રગતિમાં છે. જો કે હજુ પણ નવી ટાવર કોલોની બાંધવા માટે નવી સાઈટ ટુંકમાં આખરી થશે. સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી મકાનો તબક્કાવાર તોડી નાંખવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા મકાનોની સંખ્યા નહીંવત છે. ત્યારે કર્મચારીઓને નવા મકાનો ફાળવવાનુ કામ કપરુ બન્યુ છે. વિભાગ પાસે રહેણાંકને લાયક મકાનો ન હોવાથી તંત્રના ચોપડે મકાનો માટેની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. સે-૭ અને સે-૨૯ માં નવા સરકારી આવાસોનુ નિર્માણ કરાયા બાદ હાલ સે-૩૦ માં પણ નવા મકાનો બાંધવાનુ કામ પુર્ણતાના આરે છે. સે-૩૦ માં બી કક્ષાના ૩૩૬ મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે આ યોજનાનુ

### નવા આવાસો તૈયાર થતા તંત્રના ચોપડે કર્મચારીઓની મકાન માટેની પ્રતિક્ષા યાદી પણ હળવી થશે

કામ આગામી એપ્રિલ મહીનામાં પુર્ણ કરી દેવાશે. જેના અંતે તંત્રના ચોપડે રહેલી પ્રતિક્ષા યાદીના કર્મચારીઓને મકાનોની ફાળવણીનુ કામ સરળ થશે. નવા ૬ ટાવર બનતા મકાન માટેની પ્રતિક્ષા યાદી પણ હળવી થશે. સે-૭ માં પણ નવા આવાસોમાં કર્મચારીઓના પરિવારજનોનો વસવાટ જોવા મળે

● અનુસંધાન પાન-૭ પર

# બિનસચિવાલયની પરીક્ષા લોકસભાની ચુંટણી બાદ લેવાય તેવી સંભાવના

ગાંધીનગર તા ૮

સરકારના જુદા જુદા વિભાગોમાં વિવિધ ભરતીને અનુલક્ષીને પરીક્ષાનુ આયોજન કરવામાં આવે છે. આગામી મહીનામાં બિન સચિવાલય કલાર્કની પરીક્ષાનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ આ પરીક્ષાના સમયમાં ફેરફાર કરવામાં આવે તેવી સંભાવના છે.

સરકારના જુદા જુદા વિભાગોમાં કર્મચારીઓની ભરતી માટે હાલ પરીક્ષાઓનો દૌર ચાલી રહ્યો છે. જિલ્લામાં પરીક્ષા લક્ષી આયોજન માટે પણ રજાના દિવસોમાં પણ અધિકારીઓ તેમજ શાળાનો સ્ટાફ વ્યસ્ત જોવા મળે છે. પરીક્ષા ડયુટીના લીધે છેલ્લા એક મહીનાથી રવિવારની રજાનો લાભ પણ કેટલાક અધિકારીઓને મળતો ન હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. જયારે આગામી દિવસોમાં યોજાનારી પરીક્ષાઓની તારીખ બદલાય તેવી પણ સંભાવના છે. બીજીતરફ આગામી ફેબ્રુઆરી મહીનામાં લેવાનારી ઓફિસ આશિષ્ટન્ટ તેમજ બિન સચિવાલય કલાર્કની પરીક્ષા પણ હવે લોકસભાની ચુંટણી બાદ લેવાય

● અનુસંધાન પાન-૭ પર

# વતનની નજીક કંડક્ટરોની બદલીના હુકમોની કાર્યવાહી પૂર્ણ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વતનથી દૂર ડિવિઝન તેમજ ડેપો ખાતે ફરજ બજાવતા કંડકટર કક્ષાના કર્મચારીઓની બદલી અંગે કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ પ્રક્રિયા હેઠળ ૧૬ ડિવિઝન તેમજ ૧૨૫ ડેપોની વિગતો એકત્રિત તેમજ સંકલીત કરીને જગ્યાના પ્રમાણમાં વતન અથવા વતનની નજીક સિનીયોરીટી મુજબ આ કામગીરી પૂર્ણ કરાઈ છે તેમ, એસ.ટી. નિગમની યાદીમાં જણાવાયું છે.

# જિલ્લા કારોબારીમાં ચૂંટાયેલા સભ્યો અને હોદ્દેદારોની ગેરહાજરીથી પ્રદેશ પ્રમુખ નારાજ

## શહેર સંગઠ્ઠનને વધુ સતર્કતા સાથે સંગઠ્ઠનના મજબુતીકરણ માટે આગ્રહ કર્યો

ગાંધીનગર, તા. ૮

લોકસભાની ચૂંટણીની આડે હવે ગણતરીના ૯૦ દિવસ જ બાકી છે ત્યારે જિલ્લા કારોબારી જેવી મહત્વની બેઠકોમાં ચૂંટાયેલી પાંખના ૫૦ ટકાથી વધુ સભ્યોની ગેરહાજરીની ગંભીર નોંધ લેવામાં આવે છે તેવી ટકોર પ્રદેશ પ્રમુખ અમીતભાઈ ચાવડાએ આજે જિલ્લા કારોબારી સમિતિની બેઠકમાં બોલતાં કહી હતી.

તેમણે જે હોદ્દેદારો પણ ગેરહાજર છે તેનાથી સખ્ત નારાજ થયા હતા. જિલ્લા કારોબારી સમિતિની બેઠકમાં તેઓ નિયત સમય કરતાં મોડા પડ્યા હતા તે માટે દિલગીરી વ્યક્ત કરી હતી.

શક્તિ પ્રોજેક્ટમાં કલોલની પ્રશંસનીય કામગીરીનું અનુકરણ સમગ્ર જિલ્લામાં થાય તેવો આગ્રહ તેમણે કર્યો હતો. જનમિત્ર અને પેજપ્રમુખની કામગીરી પણ ઝડપથી પૂરી કરવા તાકીદ કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે માઈક્રો પ્લાનીંગ માત્ર કાગળ પર નહિ પરંતુ વાસ્તવિક ઘડી અને અમલી બનાવીએ તો વિજય દૂર નથી. તેમણે કહ્યું કે જિલ્લામાં કોંગ્રેસનું સંગઠ્ઠન વધુ મજબુત બને હતુ કે સત્તાધારી ભાજપ જુમલાબાજી કરી રહેલ છે ત્યારે પ્રજાને ગુમરાહ થતી અટકાવવાની કામગીરી કોંગ્રેસ કાર્યકરે કરવાની છે. તેમણે જણાવ્યુ હતુ કે દેશની નવી સરકારનો માર્ગ પણ ઉત્તર-




એટલુ જ નહિ પરંતુ વિકાસની રાજનીતિનો પાયો કોંગ્રેસે નાખ્યો હતો તે વાત લોકો સુધી પહોંચાડવાનો છે.

પ્રભારી બધેલે તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ પશ્ચિમ ભારતથી જ પ્રશસ્ત થવાનો છે. તેમણે કહ્યુ કે ભાજપ પરાજય ભાળી ગયેલ હોવાથી જુમલાબાજી કરી પ્રજાનો ભ્રામક વાતોમાં ફસાવવાના પ્રયાસો કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેન તરીકે દિનુજી ઠાકોર વરાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવરચિત મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન તરીકે દિનુજી ઠાકોરની આજે વરણી કરવામાં આવી છે. સમિતિના કાર્યકારી અધ્યક્ષ પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં વર્તમાન ઉપપ્રમુખ ભરતભાઈ પટેલે દિનુજી ઠાકોરના નામની દરખાસ્ત કરી હતી અને કાન્તાબેન બાબુસિંહે તેનુ સમર્થન કર્યુ હતુ.

આજે બપોરે એક વાગે જિલ્લા પંચાયતના પ્રમુખની ચેમ્બરમાં આ સમિતિની બેઠક મળી હતી. ૧લી જાન્યુઆરીએ મુલ્તવી રહેલી સમિતિની આજની બેઠક ગણતરીની મિનિટોમાં સંપન્ન થઈ ગઈ હતી. ચેરમેન તરીકે દિનુજી ઠાકોરની સવા વર્ષ પછી પુનઃ પસંદગી કરવામાં આવી છે. તેઓએ અગાઉ આ સમિતિમાંથી રાજીનામુ આપ્યુ હતુ પરંતુ પક્ષના નેતાઓની સમજાવટને અંતે તેમણે રાજીનામુ પરત ખેંચ્યુ હતુ.

સમિતિની બેઠક પુર્ણ થયા બાદ શિક્ષણ સમિતિના ચેરમેન કીર્તિબેન પટેલ, બેચરજી ઠાકોર સહિતના આગેવાનોએ અભિનંદન આપ્યા હતા. ૧લી તારીખે સમિતિના ચેરમેનની નિમણુંક થવાની હતી પરંતુ પક્ષ તરફથી મેન્ડેટ જારી ના કરાતાં બેઠક મુલ્તવી રખાઈ હતી. હવે જિલ્લા પંચાયતની તમામ સમિતિઓની રચના સંપન્ન થઈ જવા પામી છે.

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**

બ્લોક નં. ૧૮ના ૪થા માળ, ઉદ્યોગભવન, સે.૧૧, ગાંધીનગર

ફોન નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮ ● Email : guda.infra@gmail.com

**ટેન્ડર નોટીસ નં. ૨૦-૨૦૧૮/૧૯**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન સિંચાઈ / કેન્દ્ર સરકાર, બોર્ડ કોર્પોરેશનમાં નોંધાયેલ ઈ-૨ વર્ગના ઈજારદારશ્રીઓ પાસેથી નીચેના કામ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) બાના રકમ (૩) ટેન્ડર ફી (૪) ઈજારદારનો વર્ગ |
|---|---|---|
| ૧. | Providing & erecting the electrical & CCTV Camera in Rudrabhumi TP 7 Sargasan Gandhinagar GUDA Area. | (૧) રૂ. ૧૫૮૦૬૭/- (૨) રૂ. ૧૫૮૧/- (એફ.ડી.આર./ડી.ડી.) (૩) રૂ. ૬૦૦/- (૪) E-2 class and above R&B (Electrical Registration contractor) ટાઈમ લીમીટ : ૧૫ દિવસ |
| (૧) | ભાવપત્રક ટેન્ડર ફી રોકડા જમા કરાવેથી તા. ૮/૧/૨૦૧૯ થી તા. ૧૫/૧/૨૧૯ સુધી ઈસ્યુ કરવામાં આવશે. | |
| (૨) | ભરેલા ટેન્ડર તા. ૨૨/૧/૨૦૧૯ના, ૧૭-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. રૂબરૂ કે હાથોહાથ ટેન્ડર સ્વીકારવા પાત્ર નથી. (સંપર્ક : ૯૮૭૯૮ ૦૯૪૫૪) | |
| (૩) | ટેન્ડર ખોલવાની તા. : ૨૩/૧/૨૦૧૯, ૧૭-૦૦ કલાકે | |
| (૪) | સીલબંધ કવર ઉપર કામનું નામ લખવાનું રહેશે. | માહિતી/૨૫૭૨/૧૮-૧૯ |

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજી. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૫, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૯૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૯૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com